# Official Spokesperson's response to media queries on the situation in the western sector of the India-China border

June 16, 2020

# ભારત-ચીન સીમાનાં પશ્ચિમ સેક્ટરમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જૂન 16, 2020

**ભારત-ચીન સીમાનાં પશ્ચિમ સેક્ટરમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અમુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું,**

"ભારત અને ચીન પૂર્વીય લદાખમાં સીમા ક્ષેત્રમાં પ્રવર્તમાન પરિસ્થિતિનાં તણાવમાં ઘટાડો કરવા માટે મિલિટ્રી અને રાજદ્વારી ચેનલો મારફ્ત ચર્ચા કરી રહ્યા છે.

સીનિયર કમાન્ડરોની 6 જૂન 2020 નાં રોજની બેઠક ઉત્પાદક રહી હતી અને આવા તણાવમાં ઘટાડો કરવાની પ્રક્રિયા પર સંમતિ થઇ હતી. અનુગામી રીતે, ઉચ્ચ સ્તર પર થયેલી સંમતિનું અમલીકરણ કરવા માટે ગ્રાઉન્ડ કમાન્ડરોએ શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી.

અમારી અપેક્ષા હતી કે આ બાબત સુગમતાપૂર્ણ રીતે થશે, પરંતુ ગલવાન વેલીમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નો આદર કરવાની સંમતિમાંથી ચીનનો પક્ષ હટી ગયો હતો.

15 જૂન 2020 ની મોડી-સાંજે અને રાત્રે, ત્યાં એકપક્ષિય રીતે શાસનનો અધિકાર બદલા માટે ચીનનાં પક્ષ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનાં પરિણામ સ્વરૂપે હિંસક અથડામણ સર્જાઇ હતી. બન્ને પક્ષોને જાનહાની થઇ હતી જેને ટાળી શકાઇ હોત જો ચીનનાં પક્ષ દ્વારા ઉચ્ચ સ્તર પર થયેલી સમજૂતિનું ચૂસ્ત પાલન કરવામાં આવ્યું હોત.

સીમા વ્યવસ્થાપન તરફનાં ભારતનાં જવાબદારીપૂર્ણ અભિગમને જોતા, ભારત ખુબ જ સ્પષ્ટ છે કે ભારતની તમામ પ્રવૃત્તિઓ હંમેશા વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) ની ભારતીય બાજું પર રહી છે. અમે ચીનનાં પક્ષ પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખીએ છીએ.

સીમા ક્ષેત્રમાં શાંતિ અને સુલેહ જાળવી રાખવા માટેની અને સંવાદ મારફ્ત તફાવતોનાં નિરાકરણની જરૂરીયાત પર નક્કર વિશ્વાસ પર અમે કાયમ છીએ. પરંતુ તે સાથે, અમે ભારતનાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા તરફ પ્રબળ રીતે કટિબદ્ધ પણ છીએ."

**નવી દિલ્હી**
**જૂન 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.